સુવિચાર : કોઈએ બહુ સરસ લખ્યું છે, પસંદ તો હું બધાને ખૂબ છું, બસ જ્યારે એમને મારી જરૂરત હોય છે ત્યારે - એસ.એમ.એસ.

તાપમાન
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૪૨ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૦૩ | ૧૩ જાન્યુઆરી, ૨૦૧૬, બુધવાર ; પોષ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## પઠાણકોટ મામલે ઈન્ટરપોલની મદદ લેવાશે

### ચાર ત્રાસવાદીઓની ઓળખ કરવા માટે બ્લેકકોર્નર નોટિસ જારી થશે : તપાસને તીવ્ર બનાવવાના હેતુસર ભારત સરકારે કમરકસી : તપાસ દરમિયાન એનઆઈએની ટીમને એક મોબાઇલ, દુર્બિન અને એકે ૪૭ મળતા ચકચાર




નવી દિલ્હી,તા. ૧૨

પઠાણકોટ એરફોર્સ બેઝ ખાતે કરવામાં આવેલા ભીષણ ત્રાસવાદી હુમલા મામલે તપાસને ઝડપી બનાવવા માટેની તૈયારી સરકારે કરી લીધી છે. જેના ભાગે હવે તપાસ માટે ઈન્ટરપોલની પણ મદદ લેવાશે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યુ છે કે ત્રાસવાદી હુમલામાં માર્યા ગયેલા ચાર ત્રાસવાદીઓની ઓળખ કરવાના પ્રયાસ હેટળ એક બ્લેક કોર્નર નોટીસ જારી કરવા માટે સરકાર ઈન્ટરપોલની નોટીસ જારી કરશે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યુ છે કે ત્રાસવાદી હુમલાની જગ્યાએ ચાલી રહેલી તપાસ દરમિયાન એનઆઈએની ટીમને વધુ એક મોબાઈલ ફોન મળી આવ્યો છે. એકે-૪૭ અને અન્ય હથિયારો મળ્યા છે. એનઆઈએની

ટીમ દ્વારા એરફોર્સ બેઝની અંદર અને બહારના સાક્ષીઓની પુછપરછ કરવામાં આવીરહી છે. બીજી બાજુ પઠાણકોટ ત્રાસવાદી હુમલા મામલામાં સામેલ ત્રાસવાદીઓ દ્વારા અપહરણ કરવામાં આવેલા ગુરદાસપુરના એસપી સલવિન્દરસિંહની સાત કલાક સુધી આકરી પુછપરછ

● અનુસંધાન પાન-૭ પર

## પાકિસ્તાનને હજુ સમય આપવાની જરૂર : રાજનાથ



### પાકિસ્તાન પર વિશ્વાસ નહીં કરવા માટે કોઈ કારણ નથી : ભારત વધારે કડક કાર્યવાહીની ઈચ્છા રાખે છે : ગૃહમંત્રી

નવીદિલ્હી,તા. ૧૨

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે કહ્યું હતું કે, પઠાણકોટ એરફોર્સ બેઝ ઉપર કરવામાં આવેલા ભીષણ આતંકવાદી હુમલાના મામલામાં હુમલાખોરોના આકાઓ સામે કાર્યવાહી કરવા પાકિસ્તાનને થોડાક સમય આપવામાં આવે તે જરૂરી છે. ભારતને હજુ રાહ જોવી જોઈએ. રાજનાથસિંહે કહ્યું હતું કે, પાકિસ્તાન સરકારે કહ્યું છે કે તે અસરકારક પગલા લેશે જેથી હજુ રાહ જોવાની જરૂર છે. પાકિસ્તાન પર વિશ્વાસ નહીં રાખવાની બાબત માનવામાં કોઈ કારણ નથી. પાકિસ્તાન સત્તાવાળાઓએ ગઈકાલે જ જુદી જુદી જગ્યાઓ ઉપર જોરદાર દરોડા પાડ્યા હતા અને મોટી સંખ્યામાં શકમંદોની ધરપકડ કરી હતી. પાક અધિકારીઓએ કહ્યું છે કે, આ કાર્યવાહી હજુ પણ જારી રહી શકે છે. ઝડપાયેલા લોકો પઠાણકોટ એરબેઝ હુમલામાં પ્રત્યક્ષ અથવા પરોક્ષરીતે સામેલ રહ્યા છે કે કેમ તેની તપાસ ચાલી રહી છે. પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફ દ્વારા સંયુક્ત તપાસ ટીમની રચના કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પઠાણકોટમાં એરફોર્સ બેઝ ઉપર બીજી જાન્યુઆરીના દિવસે કરવામાં આવેલા હુમલાના સંદર્ભમાં પાકિસ્તાન ઉપર તીવ્ર દબાણ આવી ગયું છે. પાકિસ્તાને અંતે દબાણ સમક્ષ ઝુંકીને કાર્યવાહી કરવાની શરૂઆત કરી છે.

## સેંસેક્સ ૧૪૩ પોઈન્ટ ઘટીને ૨૪૬૮૨ની નીચી સપાટીએ

મુંબઈ,તા. ૧૨

શેરબજારમાં ૧૮ મહિનાની નીચી સપાટી જોવા મળી હતી. સેંસેક્સ કારોબારના અંતે ૧૪૩ પોઈન્ટ ઘટીને ૨૪૬૮૨ની સપાટીએ રહ્યો હતો. ૨૪૫૯૭ની બાવન સપ્તાહની નીચી સપાટીને સ્પર્શ કર્યા બાદ તેમાં આંશિક રિકવરી રહી હતી. જ્યારે નિફ્ટી ૫૩ પોઈન્ટ ઘટીને ૭૫૧૦ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી પણ ૭૪૮૮ની બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યો હતો. ૧૪મી જુલાઈ ૨૦૧૪ બાદથી નિફ્ટીમાં સૌથી નીચી સપાટી જોવા મળી હતી. શેરબજારમાં હાલ ભારે અફડાતફડી રહી છે.

માઈક્રો ઈકોનોમિક મોરચે આઈઆઈટીના આંકડા જારી કરવામાં આવી રહ્યા છે. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૯ અને ૧.૦૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ ખુબ જ નકારાત્મક રહી હતી. ૧૭૩૫ શેરમાં મંદી અને ૯૪૧ શેરમાં તેજી રહી હતી. અહેવાલ મુજબ ફોરેન પોર્ટફોલિયો રોકાણકારોએ ગઈકાલે ૧૩૧૯.૨૪ કરોડના શેર વેચી દીધા હતા. મંગળવારના દિવસે ક્રૂડ ઓઈલની કિંમતમાં ત્રણ ટકાનો ઘટાડો થયો હતો. એક દશકમાં આ સપાટી જોવા મળી નથી. ક્રૂડની કિંમત પ્રતિબેરલ ૩૦ ડોલર તરફ વધી રહી છે.

## પાકિસ્તાની તીર્થયાત્રીઓને વીઝાનો ઈનકાર

### તમામ તીર્થ યાત્રી આગરા નજીક પહોંચનાર હતા : પ્રક્રિયાગત કારણોથી વીઝા અપાયા નથી : કેન્દ્ર સરકાર

નવી દિલ્હી,તા. ૧૨

ભારતે કઠોર વલણ અપનાવીને પાકિસ્તાનમાંથી આવનાર ૭૫ તીર્થયાત્રીઓને વીઝા આપવાનો ઈન્કાર કરી દીધો છે. આ તમામ યાત્રીઓ આગરા નજીક શાહગંજ સ્થિત સુફી સંત હઝરત હાફિઝ અબ્દુલ્લા શાહની દરગાહ ખાતે આયોજિત કાર્યક્રમમાં ભાગ લેવા માટે આવનાર હતા. આ કાર્યક્રમનુ આયોજન ૧૧મી જાન્યુઆરીથી શરૂ થઈ ગયુ છે. આ કાર્યક્રમ ૧ટી જાન્યુઆરી સુધી ચાલનાર છે. વિદેશ મંત્રાલયના પ્રવકતાએ માહિતી આપતા કહ્યુ છે કે પ્રક્રિયાગત કારણોથી વિઝા આપવામાં આવી રહ્યા નથી. વર્ષ ૧૯૭૪માં ભારત અને પાકિસ્તાન વચ્ચે એક સમજુતી આ મામલે પણ કરાઈ હતી. વર્ષ ૧૯૭૪ના તીર્થયાત્રી પ્રોટોકોલ હેઠળ બન્ને દેશોના ધાર્મિક શ્રદ્ધાળુઓને તીર્થયાત્રા માટે વીઝા આપવામાં આવે છે. સ્વરૂપે કહ્યુ હતુ કે પ્રોટોકોલ હેઠળ તીર્થયાત્રીઓ જે ધાર્મિક સ્થળ પર જવા માંગે છે તે સ્થળ પર જઈ શકે છે. આના માટે ત્યાની મેનેજમેન્ટ સમિતી અથવા તો સ્થાનિક વહીવટીતંત્ર માટે તમામ જવાબદારી લેવાની જરૂર પડે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ દરગાહ સમિતી આના માટે તૈયાર ન થતા તમામ પ્રવાસીઓના વીઝા રદ કરવામાં આવ્યા છે. બીજી બાજુ હાલમાં પંજાબના પઠાણકોટ ખાતે

● અનુસંધાન પાન-૭ પર

## પાટીદાર સામે વધુ ૧૦૦ કેસો પાછા ખેંચાશે

અમદાવાદ,તા. ૧૨

૨૫મી ઓગસ્ટના દિવસે પાટીદાર મહારેલી અમદાવાદ શહેરમાં ગયા વર્ષે યોજાયા બાદ ભડકી ઉઠેલી હિંસા બદલ પાટીદારો સામે નોંધાયેલા પોલીસ કેસો પૈકી મોટી સંખ્યામાં કેસો પાછા ખેંચવામાં આવ્યા બાદ હવે સરકાર પાટીદારો સામે વધુ ૧૦૦ કેસ પાછા ખેંચે તેવી શક્યતા દેખાઈ રહી છે. ૩૮૨ પાટીદારો સામે નોંધવવામાં આવેલા ૭૪ નજીવા પોલીસ કેસો પાછા ખેંચવામાં આવ્યા બાદ હવે સરકારે એક સપ્તાહની અંદર વધુ કેસો ખેંચવાની તૈયારી બતાવી છે. જો કે, પાટીદાર અનામત આંદોલનનું નેતૃત્વ કરી ગુજરાત સરકારને હચમચાવી મુકનાર હાર્દિક પટેલના ભાવિને લઈને ગુજરાત સરકાર દુવિધાભરી સ્થિતિ દેખાઈ રહી છે. ગુજરાત સરકારે ૧૦૦ જેટલા કેસો પાછા ખેંચવાનો નિર્ણય કર્યો છે. જો કે, પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલના મામલામાં કોઈ નિર્ણય કરાયો નથી. તાજેતરમાં જ પાટીદાર સમુદાયના અન્ય નેતાઓની સાથે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વાતચીત કરી હતી તે વખતે ભાજપના ટોપ નેતાઓ પણ હતા. ભાજપના ટોપ નેતાઓની સાથે મળીને આનંદીબેને ઉંઝા ઉમિયા માતા ટ્રસ્ટ, ખોડલધામ ટ્રસ્ટ, સિદસર ટ્રસ્ટના પાટીદાર સમુદાય સાથે વાતચીત કરી હતી. આમા પાટીદાર અનામત આંદોલનનો અંત લાવવાના મુદ્દે ચર્ચા થઈ હતી. આના કારણે રાજ્યમાં ભાજપની પ્રતિષ્ઠાને ભારે નુકસાન થયું છે.

## પ્રથમ વન-ડેમાં ઓસ્ટ્રેલિયાનો વિજય

પર્થ,તા. ૧૨

પર્થના વાકા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આજે રમાયેલી પાંચ વનડે મેચોની શ્રેણીની પ્રથમ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ચાર બોલ ફેંકવાના બાકી હતા ત્યારે હાઈસ્કોરિંગ મેચમાં મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાને પાંચ વિકેટે હાર આપીને શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી લીધી હતી. ભારતના ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્માની શાનદાર ઈનિંગ્સ કામ લાગી ન હતી. રોહિત શર્માએ ૧૭૧ રન ફટકાર્યા હતા જેમાં ૧૩ ચોગ્ગા અને સાત છગ્ગાનો સમાવેશ થાય છે. રોહિત શર્માએ ૧૭૧ અણનમ રન બનાવ્ય ાહતા જ્યારે વિરાટ કોહલીએ ૯૭ બોલમાં નવ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૯૧ રન કર્યા હતા. ભારતે ૫૦ ઓવરમાં ૩૦૯ રન કર્યા હતા જેના જવાબમાં ઓસ્ટ્રેલિયાએ જીતવા માટેના જરૂરી રન ૪૯.૨ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને બનાવી લીધા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી કેપ્ટન સ્મિથે ફરી કેપ્ટન ઈનિંગ્સ રમીને ૧૪૯ રન કર્યા હતા. સ્મિથે ૧૩૫ બોલમાં ૧૧ ચોગ્ગા અને બે છગ્ગા સાથે આ રન બનાવ્યા હતા.







